# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 06-04-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષમાં ફુગાવનો દર સાડા ચાર ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તર પ્રદેશના સહારનપુર અને રાજસ્થાનના અજમેરમાં રેલીઓને સંબોધશે. - સાંજે ગાઝિયાબાદમાં રોડ શોમાં ભાગ લેશે.
- ✓ સર્વોચ્ચ અદાલતે અલ્હાબાદ હાઈકોર્ટના ઉત્તર પ્રદેશ મદ્રેસા એજ્યુકેશન બોર્ડ એક્ટને ગેરબંધારણીય જાહેર કરવાના નિર્ણય પર સ્ટે મૂક્યો.
- ✓ હવામાન વિભાગે પૂર્વ અને દ્વિપકલ્પના ભાગોમાં આગામી બે દિવસ સુધી ગરમીનું મોજું ચાલુ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.
- ✓ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદે ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ અને ઇઝરાયેલ પર શસ્ત્ર પ્રતિબંધ માટેનો ઠરાવ પસાર કર્યો છે.
- ✓ આઈપીએલ ક્રિકેટમાં ગઇકાલે સનરાઈઝર્સ હૈદરાબાદે ચેન્નાઈ સુપર કિંગ્સને 6 વિકેટે હરાવ્યું.

## *REV-RBI-MONTHLY-RBI-POLICY*

**આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષમાં ફુગાવાનો દર 4.5 ટકા રહે તેવી સંભાવના વ્યક્ત કરી છે. રિઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાંત દાસે ગઇકાલે યોજાયેલી બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.**

**તેમણે કહ્યું કે, એપ્રિલ-2022માં ફૂગાવાનો દર 7 પોઇન્ટ 8 ટકા હતો, તેની સરખામણીએ ફૂગાવાના દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે, હાલની**

સરકારનું ફૂગાવાન  દરનું લક્ષ્યાંક ચાર ટકા છે, તે મુજબ, હજુ પણ તે વધારે કહી શકાય.

રિઝર્વ બેન્કની નાણાંકીય નિતી સમિતીએ સતત સાતમી વાર રેપોરેટમાં કોઇ જ ફેરફાર નથી કર્યો. રિઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાંત દાસે ગઇકાલે દ્વિમાસિક નાણાંનિતીની જાહેરાત કરી અને રેપોરેટ છ પોઇન્ટ પાંચ ટકા જ રાખ્યો.

તેમણે કહ્યું કે, નાણાંકીય વર્ષ 2024-25માં જીડીપી દર સાત ટકા રહે તેવી શક્યતા છે. પહેલા ત્રિમાસિક ગાળામાં તે 7 પોઇન્ટ એક ટકો, બીજા ત્રિમાસિક ગાળામાં છ પોઇન્ટ 9 ટકા અને ત્રીજા અને ચોથા ત્રિમાસિક ગાળામાં તે સાત ટકા રહે તેવી ધારણા છે.

રિઝર્વ બેન્કના ગર્વનરે કહ્યું છે કે, 29મી માર્ચ, 2024ના રોજ ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર, 645 અબજ 60 કરોડ ડોલર પર પહોંચી ગયો છે, જે અત્યાર સુધીમાં સૌથી વધારે છે. તેમણે કહ્યું કે, ગયા નાણાંકીય વર્ષમાં વિશ્વના મુખ્ય ચલણોમાં રૂપિયો સૌથી વધારે સ્થિર રહ્યો

.................

## *RBI-CBDC*

રિઝર્વ બેંકની યાદીમાં જણાવાયું  છે કે હાલમાં દેશમાં લગભગ 50 લાખ ગ્રાહકો મધ્યસ્થ બેંક ડિજિટલ ચલણ એટલે કે CBDC નો ઉપયોગ કરી રહ્યા છે.

જેમાં 46 લાખ છૂટક વપરાશકર્તા જ્યારે 4 લાખ વેપારીઓનો સમાવેશ થાય છે.  ઉલ્લેખનીય છે કે સીબીડીસી દ્વારા 2 કરોડ 20 લાખ રૂપિયાના વ્યવહારો થયા છે.  રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર ટી. રવિશંકરે કહ્યું છે કે CBDCના ઑફલાઇન ઉપયોગ માટે પરીક્ષણ  શરૂ થઈ ચૂકયું છે.

જે અંતર્ગત ખેડૂતોને સીબીડીસીના રૂપમાં એક નિશ્ચિત રકમ મોકલવામાં આવી રહી  છે જેનો ઉપયોગ તેઓ   માત્ર કૃષિ સંબંધિત ઉત્પાદનોની ખરીદી માટે કરી શકે છે.

.................

## *REV. RAJASTHAN PM-RALLY*

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે.

તેઓ સવારે ઉત્તર પ્રદેશના સહારનપુરમાં જાહેરસભાને સંબોધશે. શ્રી મોદી રાજસ્થાનના અજમેર જિલ્લાના પુષ્કર ખાતે અજમેર અને પુષ્કરના ભાજપના ઉમેદવારોના સમર્થનમાં યોજાનારી રેલીમાં સંબોધન કરશે . શ્રી મોદી ગાઝિયાબાદમાં રોડ શોમાં પણ હાજરી આપવાના છે.બીજી તરફ, કોંગ્રેસ આજે જયપુરમાં પોતાના ચૂંટણી ઢંઢેરાને લઈને એક જનસભા કરી રહી છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પણ આજે જયપુરમાં જાહેર સભાને સંબોધિત કરશે . અમારા જયપુરના સંવાદદાતા જણાવે છે કે ભાજપ, કોંગ્રેસ, અન્ય પક્ષો અને અપક્ષ ઉમેદવારોએ રાજ્યમાં ચૂંટણી પ્રચારમાં પોતાની તાકાત લગાવી દીધી છે. કોંગ્રેસ અને ભાજપના ટોચના નેતાઓ ચૂંટણી પ્રચાર માટે આગળ આવ્યા છે. રાજ્યમાં ચૂંટણી રેલીઓ અને રોડ શો યોજવામાં આવી રહ્યા છે.

.................

## *AMIT SHAH*

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહ આજે તિરુવનંતપુરમની મુલાકાત લેશે.

NDA ના ઉમેદવાર રાજીવ ચંદ્રશેખર માટે ચૂંટણી પ્રચાર કરશે શ્રી અમિત શાહ રાજીવ ચંદ્રશેખર સાથે નેયતિંકારામાં રોડ શોમાં પણ ભાગ લેશે.

.................

## *ECI-FAKE-MESSAGE*

ભારતીય ચૂંટણી પંચે વોટ્સએપ પર ફરી રહેલા 15 લાખ EVM ગાયબ હોવાના સંદેશાઓ ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા છે.

સોશિયલ મીડિયાના માધ્યમ થી પંચે જણાવ્યું છે કે આ દાવો ભ્રામક અને નકલી છે.  કોઈ EVM ગુમ નથી થયા અને સર્વોચ્ચ અદાલતે પણ EVMમા અનિયમિતતા  અંગેની અરજીઓ ફગાવી દીધી છે. ચૂંટણી પંચે અધિકૃત માહિતી માટે લોકો ને પંચની સત્તાવાર વેબસાઇટની મુલાકાત લેવા કહ્યું છે.

.................

## CONGRESS-CEC

કોંગ્રેસની  કેન્દ્રીય ચૂંટણી સમિતિએ ગઇકાલે નવી દિલ્હીમાં પક્ષના મુખ્યમથક ખાતે લોકસભા ચૂંટણીને લઈને બેઠક યોજી હતી.

બેઠકમાં અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષા સોનિયા ગાંધી અને પાર્ટીના મહાસચિવ કેસી વેણુગોપાલ હાજર રહ્યા હતા. આ બેઠકમાં હરિયાણાના  પક્ષના વરિષ્ઠ નેતાઓ પણ ઉપસ્થિત રહયા  હતા.

.................

## VP-UTTARAKHAND

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે નાગરિકતા સંશોધન કાયદા અંગે કહ્યું  છે કે આ કાયદો કોઈપણ વ્યક્તિને તેની નાગરિકતાથી વંચિત કરતો નથી પરંતુ તે પડોશી દેશોમાં અત્યાચારનો ભોગ બનેલા ધાર્મિક લઘુમતીઓને નાગરિકતા પ્રદાન કરે છે.

ઉત્તરાખંડના મસૂરીમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઑફ એડમિનિસ્ટ્રેશન ખાતે 2023ની  બેચના IAS તાલીમાર્થીઓ અધિકારીઓને સંબોધિત કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે તાલીમાર્થી અધિકારીઓને શ્રેષ્ઠતા, પ્રામાણિકતા અને લોકસેવા પ્રત્યે નિશ્ચય સાથે કામ કરવા હાકલ કરી હતી.

.................

## DELHI COURT-KAVITHA

દિલ્હીની એક અદાલતે કેન્દ્રીય અનવેક્ષણ બ્યૂરો -સીબીઆઈને કથિત દિલ્હી એક્સાઇઝ પોલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તિહાર જેલમાં બંધ BRSના  નેતા કે કવિતાનું નિવેદન નોંધવાની અને પૂછપરછ કરવાની મંજૂરી આપી છે.

સીબીઆઈ દ્વારા કવિતાની પૂછપરછ કરવા માટે અદાલતની  પરવાનગી માંગતી અરજી પર ગઈકાલે આ આદેશ આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે એક્સાઇઝ પોલિસી કેસમાં પ્રવર્તન નિદેશાલય દ્વારા ગત  15 મી માર્ચે સુશ્રી કવિતાની ધરપકડ કરવામાં આવી હતી

.................

## *SC-UP-MADARSA*

સર્વોચ્ચ અદાલતે યુપી મદરસા શિક્ષણ બોર્ડ અધિનિયમ-2004ને ગેરબંધારણીય અને ધર્મનિરપેક્ષતા વિરોધી ગણાવતા અલ્હાબાદ હાઇકોર્ટના ચૂકાદા પર મનાઇ હુકમ ફરમાવ્યો છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય ચંદ્રચુડના અધ્યક્ષપદ હેઠળની ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠે ઉચ્ચ ન્યાયાલયના ચૂકાદાને પડકારતી અરજી પર કેન્દ્ર અને ઉત્તરપ્રદેશ સરકારને નોટીસ જારી કરી છે.

.................

## *IMD-WEATHER*

ભારતીય હવામાન વિભાગે  આજે અને આવતીકાલ માટે પૂર્વ અને દ્વીપકલ્પના ભાગોમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે.

ઓડિશા, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગાણા સહિતના કેટલાક રાજ્યોમાં આજે આ સ્થિતિ ચાલુ રહેશે . આવતીકાલ સુધી તટિય કર્ણાટક , ગોવામાં અને કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં આ મહિનાની 9મી તારીખ સુધી ગરમ અને ભેજવાળું હવામાન ચાલુ રહેશે.દરમિયાન, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં આગામી દિવસોમાં વરસાદ અને વાવાઝોડાંની શક્યતા છે .

દરમ્યાન આજે ઝારખંડ અને ઓડિશામાં 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડાં, વીજળીના ચમકારા અને તોફાની પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ પડશે. આ સ્થિતિ આગામી 6 દિવસ સુધી આસામ, મેઘાલયસહિતના પૂર્વોત્તરના રાજ્યો અને પશ્ચિમ બંગાળમાં પણ પ્રવર્તશે. ઉત્તર ભારતમા, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં આગામી છ દિવસ દરમિયાન હળવો વરસાદ અને બરફવર્ષા ચાલુ રહેશે

.................

## MAHARASTRA

મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં ડિંડોરી-મસરુલે રોડ પર પિક-અપ વાન મોટરસાઇકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા અને ત્રણ લોકો ઘાયલ થયા છે. તમામ ઘાયલોને નાસિકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

.................

## GAZA-UN-RESOLUTION

સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદે ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ અને ઇઝરાયેલ પર શસ્ત્ર પ્રતિબંધ માટેનો ઠરાવ પસાર કર્યો છે.

આ ઠરાવમાં ગાઝા પટ્ટીમાં યુદ્ધ અને આચરવામાં આવેલા માનવતા વિરુદ્ધના અપરાધો માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવવામાં આવ્યું છે . 28 દેશોએ પ્રસ્તાવની તરફેણમાં જ્યારે અમેરિકા અને જર્મની સહિત છ દેશોએ પ્રસ્તાવ ની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું . ભારત સહિત 13 દેશોએ મતદાનમાં ભાગ લીધો ન હતો.

ઠરાવમાં ગંભીર માનવાધિકાર ઉલ્લંઘન અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના ભંગના અહેવાલો પર ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ભારતે પેલેસ્ટિનિયન લોકોના સ્વ-નિર્ણયના અધિકાર જેવા યુએનના અન્ય ઠરાવની તરફેણમાં મતદાન કર્યું હતું જેને 42 મતોથી અપનાવવામાં આવ્યું હતું.

.................

## *REV-ISRAEL-AID-WORKERS*

ગાઝામાં થયેલ હવાઈ હુમલામાં સાત સહાય કર્મચારીઓની હત્યાની તપાસમાં ગંભીર ભૂલો અને પ્રક્રિયાભંગની તપાસ બાદ ઇઝરાયેલી સૈન્યએ બે વરિષ્ઠ અધિકારીઓને બરતરફ કર્યા છે.

ઈઝરાયેલના સૈન્યએ જણાવ્યું છે કે, પૂછપરછમાં જાણવા મળ્યું છે કે ગત સોમવારે એક માનવીય સહાય જૂથના વાહનો પર ડ્રોન હુમલા થયા ત્યારે ઇઝરાયેલી દળોએ ભૂલથી એવું માન્યું હતું કે તેઓ હમાસના બંદૂકધારીઓ પર હુમલો કરી રહ્યા છે. સૈન્યએ આ હુમલાને એક ગંભીર ભૂલ ગણાવી છે.

.................

## *US-EARTHQUAKE*

અમેરિકાના ન્યુયોર્ક , ફિલાડેલ્ફિયા અને વોશિંગ્ટન ડીસીમાં ગઈકાલે 4.8ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો છે.

સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, ભૂકંપનું કેન્દ્ર ન્યુયોર્ક શહેરથી 50 માઈલથી ઓછા અંતરે પશ્ચિમમાં લેબનોન અને ન્યુ જર્સીના ઉત્તરપૂર્વમાં નોંધાયું છે . ભૂકંપમાં જાનહાનિ ના કોઈ પ્રારંભિક અહેવાલો નથી. ભૂકંપ પછીના કલાકોમાં ઓછામાં ઓછા છ આંચકા આવ્યા છે.

.................

## *REV.NT.IPL-CRICKET*

આઈપીએલ ક્રિકેટમાં ગઇકાલે  હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં  રમાયેલી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે ચેન્નાઈ સુપર કિંગ્સને 6 વિકેટે  હરાવ્યું છે.

166 રનના લક્ષ્યાંકનો પીછો કરતા સનરાઈઝર્સ હૈદરાબાદે 6 વિકેટ અને 11 બોલ બાકી રહીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો છે. અગાઉ બેટિંગ કરવા ઉતરેલી ચેન્નાઈની ટીમે  નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 165 રન બનાવ્યા હતા. હૈદરાબાદ તરફથી અભિષેક શર્માએ 12 બોલમાં 37  અને એડન માર્કરામે 36 બોલમાં 50 રન બનાવ્યા હતા. ચેન્નાઈ તરફથી શિવમ દુબેએ  45 રન બનાવ્યા હતા. અભિષેક શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

જયપુરમાં આજે રાજસ્થાન રોયલ્સ  નો મુકાબલો  રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે  થશે .આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

.................